PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

## <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/કવા–૦૩/૧૬–૧૭/ ૪૨૯ તા. ૧૧/૦૧/૧૭

<u>રજી. એ.ડી. પત્ર</u>

**પ્રતિ,**
**ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા,**
**ગામ: શિંગડા,**
**<u>વાયા: બગવદર</u>**
**<u>તા.જી: પોરબંદર</u>**
**મો: ૯૮૯૮૭૩૨૨૯૨**

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૪/કવા–૦૩/૧૬–૧૭ )</u>**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪ )**

**<u>નકલ રવાના :</u>**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર**
**(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, બગવાદર</u>**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૪/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૦–૦૧–૧૭ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ભોજાભાઈ વશરામભાઈ ધોકીયા,ગામ: શિંગડા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, બગવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર)

રજુઆત કરનાર :એસ.આર.રાડા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:શિંગડા ખાતે આવેલ, તેઓની સ્વતંત્ર માલીકી ની જમીન પર સિંચાઈ કરવા માટે, અન્ય સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા, આવેલ સંયુકત માલીકી ના કુવા પર જોડાણ મેળવવા માટે ની, વર્ષ–૨૦૧૨ ની નોંધાયેલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની – મુળ શ્રી ભોજાભાઈ વશરામભાઈ ધોકીયા ના નામની, તેમના ગામ:શિંગડા ખાતે આવેલ, તેઓની સ્વતંત્ર માલીકી ની જમીન પર સિંચાઈ કરવા માટે, અન્ય સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા સિંચાઈ કરવા માટે, તા.૦૩–૧૦–૧૨ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, શ્રી ભોજાભાઈ વશરામભાઈ ધોકીયા એ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી નોંધાવેલ હતી. આ અરજી નો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ: ૧૧૧૦/૧૨ અપાયેલ છે. |
| ૨.૨ | ઉપરોકત અરજી વાળો વિસ્તાર જે, '' ડાર્કઝોન '' મા સમાવિષ્ટ થાય છે. વર્ષ–૨૦૧૬ – ૧૭ ના સમયગાળા દરમ્યાન, ડાર્કઝોન હેઠળ નોંધાયેલ સદર વિસ્તાર ના તાલુકાની કુલ ૫૦૦ અરજીઓ સમાવિષ્ટ થયેલ છે. જે મુજબ, '' ડાર્કઝોન '' હેઠળ નોંધાયેલ અને સદર સમાવિષ્ટ થયેલ સદર અરજી ને, '' સરકાર શ્રી ના ધારાધોરણ હેઠળ – ડ્રિપ ઈરીગેશન હેઠળ – જે જીજીઆરસી અંતર્ગત '' સમાવિષ્ટ કરાયેલ હતી. જેથી, જીજીઆરસી ની મળેલ મંજુરી ના અનુસંધાને, અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ધોકીયા એ, તા.૩૧–૦૮–૧૬ ના રોજ, '' પીજીવીસીએલ – જીજીઆરસી – ગ્રાહક શ્રી – ઈરીગેશન એજન્સી '' સાથે, '' ફોર પાર્ટી એગ્રીમેન્ટ '' કરેલ હતુ. અને તે અન્વયે, '' ફોર પાર્ટી એગ્રીમેન્ટ – હેઠળ સદર અરજી નો ક્રમ : ૧૨૦૫ '' છે. |
| ૨.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, '' જીજીઆરસી દ્વારા મંજુર કરાયેલ સદર – ડ્રિપ ઈરીગેશન હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટેનુ, '' પીજીવીસીએલ તરફથી સ્થળ સર્વેક્ષણ હાથ ધરવામા આવેલ હતુ. સ્થળ સર્વેક્ષણ સમયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સિંચાઈ ના સ્થળ, એટલેકે જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા, '' એક ભાગીદારી વાળો કુવો '' જણાયેલ હતો. અને આ કુવા પર, '' નારણભાઈ વશરામભાઈ '' ના નામનુ, એક ખેતીવાડી વીજજોડાણ નં.:૩૫૭૩૩/૦૦૯૬૧/૬ હૈયાત હોવાનુ પીજીવીસીએલ ને જણાયેલ હતુ. |
| ૨.૪ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા આવેલ મજમુ કુવા પર, એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોય, બીજુ જોડાણ આપવાની, પીજીવીસીએલ મા નિયમાધીન અંતર્ગત ની જોગવાઈ ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ને, તેમના સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા, સિંચાઈ કરવા માટે, સદર જમીન પર આવેલ મજમુ કુવા પર જોડાણ આપવાની કોઈ કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી થયેલ નથી. |

| | |
|---|---|
| **૨.૫** | વર્ષ–૨૦૧૬ – ૧૭ ના સમયગાળા દરમ્યાન, ડાર્કઝોન હેઠળ નોંધાયેલ સદર વિસ્તાર ના તાલુકાની કુલ ૫૦ અરજીઓ માહેની, '' જીજીઆરસી અંતર્ગત ની ડ્રિપઈરીગેશન યોજના હેઠળ ના '' મંજુર કરાયેલ એવી, કુલ ૪૯ અરજીઓ ને પીજીવીસીએલ તરફથી અંદાજપત્ર અપાયેલ છે. જેમા, અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ને પણ, તા.૦૯–૦૧–૧૭ ના રોજ, નં. ૫૦૮૨ થી, રૂ.૭,૪૩૫/– નુ અંદાજપત્ર અપાયેલ છે. તેમજ, અરજદાર શ્રી પાસેથી, માંગણી મુજબ ના સિંચાઈ ના સ્થળ તેમજ કુવા વગેરે બાબતે ના અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પણ મંગાયેલ છે. |
| **૨.૬** | જેના અનુસંધાને, અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા એ, તેમના સીધીલીટી ના વારસદાર અને પુત્ર એવા શ્રી હરજીભાઈ ભોજાભાઈ ઘોકીયા ના નામે, મુળ તા.૦૩–૧૦–૧૨ ની, સામાન્ય યોજના હેઠળ ની – જીઈઆરસી ની ડ્રિપ ઈરીગેશન ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી સદર અરજી વાળુ મુળ સ્થળ એટલેકે સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ ને – મુળ અરજદાર શ્રી ના નામ પરથી, વારસાઈ એન્ટ્રી મુજબ, ટ્રાન્સફર કરી આપેલ છે. આ બાબત પીજીવીસીએલ ની જાણકારી હેઠળ આવતા, પીજીવીસીએલ તરફથી, સદર અરજી મા, '' વિધીસર ની નામ બદલી ની અરજી – જે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ વગેરે સાથે, નિયત અરજી ફોર્મ મા પીજીવીસીએલ મા રજુ કરવાની '' અરજદાર શ્રી ને, જાણકારી આપવામા આવેલ છે. જે નામ બદલી ની અરજી પીજીવીસીએલ મા નોંધાયા બાદ, નામ બદલી ની મંજુરી મળ્યાપછી, મુળ અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ના નામનુ સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે તેમના પુત્ર અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી હરજીભાઈ ભોજાભાઈ ઘોકીયા ના નામે, નામ બદલી સાથે, '' જીજીઆરસી ની ડ્રિપ ઈરીગેશન યોજના હેઠળ '' ચાલુ કરવા બાબતેની, નિયમાધીન પ્રક્રીયા પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ખેડુત અરજદાર, તેમની માલીકી ની, ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન પર, સિંચાઈ કરવા માટે, આવી જમીન મા સિંચાઈ કરવાના હેતુ નુ, માત્ર એક જોડાણ મેળવી શકે છે. એટલેકે, સિંચાઈ કરવાના જાહેર કરાયેલ સ્થળ માટે, માત્ર એક જ વીજજોડાણ આપી શકાય, તે મુજબ ની, વીજકંપની મા જોગવાઈ છે. પરંતુ, જાહેર કરાયેલ સિંચાઈ કરવાના સ્થળ સર્વે નંબર મા સિંચાઈ કરવા માટે, ખેડુત અરજદાર, '' જોડાણ નુ સ્થળ – એટલેકે કુવો / બોર / ઓરીયો '' જે સિંચાઈ ના મુકરર સર્વે નંબર સીવાય ની જમીન પરનો દર્શાવી, તે સ્થળ પર જોડાણ રીલીઝ કરાવી, અને મુળ સિંચાઈ ના સ્થળ વાળા સર્વે નંબર મા સિંચાઈ કરી શકે છે. એટલેકે, જોડાણ નુ સ્થળ – એટલેકે કુવો – જે ભાગીદારી વાળો હોય, અને ખેડુત અરજદાર તેમા ભાગીદાર હોય, તે ભાગીદારી વાળા કુવા પર ખેડુત અરજદાર નો હકક હોય, તેવા સંયુકત માલીકી ના કુવા પર, આવા સંયુકત માલીકી ના કુવા પર, અન્ય ખેડુત ભાગીદાર ના નામનુ જોડાણ ચાલુ હોવા છતા, ખેડુત અરજદાર આ સંયુકત માલીકી ના કુવા પર, કે જયા તેમનો કાયદેસર નો હકક રહેલ છે, ત્યા જોડાણ રીલીઝ કરાવી, અને મુળ સિંચાઈ ના સ્થળ એટલેકે મુળ સર્વે નંબર વાળી જમીન પર સિંચાઈ કરી શકે છે. આમ, મુળ સર્વે નંબર વાળી સિંચાઈ ની જમીન પર, સિંચાઈ કરવા માટે, મુળ ખેડુત નુ, ભાગીદારી વાળા કુવા પર રીલીઝ થયેલ માત્ર એકજ જોડાણ રહેશે. તદ ઉપરાંત, સંયુકત માલીકી વાળા કુવા પર, પ્રત્યેક ભાગીદારો રીલીઝ કરાવી, અને તેમની માલીકી ના સિંચાઈ ના સ્થળ વાળા સર્વે નંબર પર સિંચાઈ કરી શકે છે. અત્રેના ફોરમ તરફથી આ બાબતે, પીજીવીસીએલ પક્ષકાર ને સ્પષ્ટીકરણ આપવામા આવે છે. |
| **૩.૨** | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની હકીકતો ધ્યાને લેતા, ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા, કે જેઓ તેમની અંગત માલીકી ના સિંચાઈ ના સ્થળ વાળી જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ પર, સિંચાઈ કરવાના હેતુ માટે, આ જમીન પર આવેલ સંયુકત માલીકી ના કુવા પર, કે જયા એક જોડાણ હૈયાત હોવા છતા, બીજુ જોડાણ રીલીઝ કરાવી શકે છે. આમ થતા, ફરીયાદી અરજદાર શ્રી ના સિંચાઈ ના સ્થળ પર, સિંચાઈ કરવાના હેતુ માટે નુ માત્ર એક જ જોડાણ રહેશે. આ નિયમાધીન બાબતો ને અંતર્ગત રહીને, ફરીયાદી અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ની, સદર સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા આવેલ સંયુકત માલીકી ના કુવા પર જોડાણ રીલીઝ કરાવી, અને સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા સિંચાઈ કરવા માટે ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી, ફોરમ કમિટી તરફથી નિયમાધીન માન્ય રાખવામા આવેલ છે. |

| | |
|---|---|
| ૩.૩ | હાલ ના તબ્બકે, ફોરમ સમક્ષ ના સવાલવાળા અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ની, મુળ માંગણી મુજબ ની જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨, જે સવાલવાળા અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા એ, વારસાઈ હકકના રૂએ, તેમના સીઘીલીટી ના વારસદાર અને પુત્ર એવા, શ્રી હરજીભાઈ ભોજાભાઈ ઘોકીયાને, વારસાઈ હકકના રૂએ આપેલ હોય, જેથી, સદર જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ હાલ ના તબ્બકે, મુળ અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ના નામ પરથી, તેમના તેમના સીઘીલીટી ના વારસદાર અને પુત્ર એવા, શ્રી હરજીભાઈ ભોજાભાઈ ઘોકીયા ના નામ પર તબ્દીલ થયેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાઘીન પ્રણાલી અંતર્ગત, મુળ અરજદાર ના સીઘીલીટી ના વારસદારો, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ, તેમના વડીલો ના નામ પરથી, તેમના નામે નામ બદલી મેળવી, અને તે મુજબ નવુ જોડાણ મેળવવા માટે હકકદાર છે. સદર નિયમાઘીન બાબત ને અંતર્ગત રહીને, ફરીયાદી અરજદાર શ્રી મુળ તા.૦૩–૧૦–૧૨ ની અરજીને, મુળ અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ના નામ પરથી, તેમના સીઘીલીટી ના વારસદાર અને પુત્ર એવા, શ્રી હરજીભાઈ ભોજાભાઈ ઘોકીયા ના નામ પર, નામ બદલી આપવા માટે, અરજદાર પક્ષકાર પાસેથી, નિયત અરજી ફોર્મ સાથે, નિયમાઘીન જરૂરી એવા તમામ દસ્તાવેજીક પેપર્સ મેળવીને, વિઘીસર ની અરજી ની નોંઘણી, જે નિયત નોંઘણીચાર્જ વસુલ કરીને, પીજીવીસીએલ મા નામ બદલી ની નોંઘણી કરી સક્ષમ કક્ષાએથી મંજુરી આપી, તેમજ સદર બાબતે, જીજીઆરસી ના રેકર્ડ મા પણ નામ બદલી ની વિગતો, જે જીજીઆરસી સમક્ષ રજુ કરી અને તે મુજબ જીજીઆરસી મા પણ નામ બદલી મંજુર કરાવી, અને તે મુજબ, સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની – જે નામ બદલી ની મંજુરી સાથેનુ – જોડાણ મંજુરી નુ નિયત ભાવપત્રક, જે નવેસર થી, નવા આગંતુક – એટલેકે નામ બદલી વાળા જોડાણકાર ને આપી, તે મુજબ, મંજુરી ના ભાવપત્રક ની રકમ નવા આગંતુક જોડાણકાર પાસેથી વસુલી, તે મુજબ સદર તા.૦૩–૧૦–૧૨ ની અરજી ને, મુળ માંગણી મુજબ ના સિંચાઈ ના સ્થળ વાળી જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ પર, સિંચાઈ કરવા માટે, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સંયુકત માલીકી ના કુવા પર – નામ બદલી સાથે મંજુર કરાવવાની, તમામ પ્રકાર ની મંજુરી ની પ્રક્રીયાઓ, જે દીન–૩૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ભોજાભાઈ વશરામભાઈ ઘોકીયા ની, મુળ તા.૦૩–૧૦–૧૨ ની અરજી વાળુ, જે હાલ ના તબ્બકે જીજીઆરસી અંતર્ગત ની મંજુરી હેઠળ નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ માંગણી મુજબ ના, સિંચાઈ ના સ્થળ વાળી જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ પર, સિંચાઈ કરવાના હેતુ સહ, અરજદાર સદર જોડાણ, જે સદર સ્થળ પર આવેલ સંયુકત માલીકી ના કુવા પર રીલીઝ કરાવી, અને તે મુજબ, જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ મા, સિંચાઈ કરવા માટે ના હેતુ નુ, એક માત્ર જોડાણ મેળવવા માટે હકકદાર છે. વીજકંપની માટે આ બાબત નિયમાઘીન હોય, અરજદાર શ્રી ની સદર અરજી, ફોરમ કમિટી કક્ષાએથી ગ્રાહય રહેલ છે. |
| ૪.૨ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, મુળ માંગણી મુજબ નુ સ્થળ, જે મુળ અરજદાર તરફથી, તેમના સીઘીલીટી ના વારસદાર ના નામે તબ્દીલ થયેલ છે. જેથી, અરજદાર ની, મુળ તા.૦૩–૧૦–૧૨ ની અરજી વાળુ, જીજીઆરસી ની મંજુરી હેઠળ નુ, સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ અરજદાર ના નામ પરથી, તેમના સીઘીલીટી ના વારસદાર ના નામે, નામ બદલી મળવા માટે પણ પીજીવીસીએલ ના નિયમાઘીન યોગ્ય છે. |

| | |
|---|---|
| ૪.૩ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ ને આનુષાંગીક રહીને, સદર તા.૦૩-૧૦--૧૨ ની અરજી ના, મુળ માંગણી મુજબ ના સિંચાઈ ના સ્થળ વાળી જમીન સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ પર, સિંચાઈ કરવા માટે, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે આ જ સર્વે નંબર : ૫૫/૧ પૈકી ૨ પર આવેલ સંયુક્ત માલીકી ના કુવા પર, મુળ અરજદાર ના નામ પરથી તેમના સીધીલીટી ના વારસદાર ના પુત્ર ના નામ પર, નામ બદલી સાથે મંજુર કરવા સંબંધની- તમામ પ્રકાર ની મંજુરી ની પ્રક્રીયાઓ, જે દીન-૩૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..